

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જવાબમાં આપે સ્મિત, મંત્રીશ્રીઓ સ્માર્ટ છે,*
*અહીં વસતા રાજકારણીઓ ય સ્માર્ટ છે!*
*'મફત'માં માનતી અહીંની વસ્તી સ્માર્ટ છે!*
*'વ્યવહાર'માં આખું સચિવાલય સ્માર્ટ છે!*
*('ગાંધીનગર'નો સ્માર્ટમાં સમાવેશ)*

### હાઈકુ

*દળી દળી ને*
*ઢાંક્યું છે ઢાંકણીમાં -*
*બાપુ નો શ્રમ!!*
*(મારા ખોદેલો માં જ પડીશ)*

*થતી જાય છે,*
*એક પછી અનેક*
*બજારો બંધ...*
*(GST નોટબંધીને પગલે)*

### ચિંતન

*ન કુલં વૃત્તહીનસ્ય પ્રમાણમિતિ મે મતિઃ ।*
*અન્તેષ્વપિ હિ જાતાનાં વૃત્તમેવ વિશિષ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક 'વિદુરનીતિ'માંથી લેવામાં આવેલ છે.**

**સદાચાર વિનાના પુરુષ માટે એનું કુળ પ્રમાણ (આદર્શ) માની શકાય નહિ. એમ મારી (વિદુરની) બુદ્ધિ કહે છે. શુદ્ર (અંત્યજ) કુળમાં જન્મેલા પુરુષોનો સદાચાર (વૃત્ત) જ વિશિષ્ટ બને છે.**

**શ્રેષ્ઠતાનું કારણ સદાચાર છે, નહિં કે ઉચ્ચ કુળ.**

**આજકાલ નેતાઓ - અધિકારીઓને 'પદ' - 'સત્તા' ની 'મહાનતા' મળતાં તેમના અસંસ્કારની આછકલાઈ છલકવા લાગે છે. નાના માણસોને ડરાવવા - ધમકાવવા તો જામે એમની સત્તાનું હથિયાર થઈ જાય છે. જયારે તેમને કુળના સંસ્કાર ન મળ્યા હોય ત્યારે આવી બાબતો ફૂંફાળા મારી બહાર આવે છે. જીવનમાં સદાચાર-વિનય-વિવેક જરૂરી છે.**

### સુવિચાર

- કરકસર એ ગૃહિણીઓનું માત્ર ઘરેણું નથી, પણ મંગલસૂત્ર છે - **કાંતિ ભટ્ટ**
- એક પણ સ્વાર્થ ન હોય એવો માણસ સંત કે મહાત્મા જ હોય - **સંત રોબિન**
- સ્ત્રી પુરુષની સહભાગી, તેના ધર્મની રક્ષક, તેની ગૃહલક્ષ્મી તથા તેને દેવત્વ સુધી પહોંચાડનારી સાધિકા છે - **જનકલ્યાણ**
- સજ્જન અને દુર્જન બંને અંધ છે, સજ્જન એની સજ્જનતાથી જયારે દુર્જન તેની દુર્જનતાથી અંધ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મહદઅંશે આપણે આપણા મનને જાગતું રાખીએ છીએ, પણ હૃદયને જાગવા દેતાં નથી એટલે માનવસમાજમાં રાક્ષસીપણું વિકસી રહ્યું છે અને માણસાઈનું અધઃપતન થઈ રહ્યું છે, પરંતુ દિવ્યતા તો દેખાતી જ નથી - **ચાણક્ય**
- હારેલાનું સન્માન ન કરી શકે એવી જીત એક પ્રકારની હાર જ છે - **ચિત્રલેખા**
- આજનું ઔષધ : ત્રણ ચમચી આંમળાનો રસ, દસ ગ્રામ કાળી દ્રાક્ષ અને એક ચમચી મધ ભેગુ કરી ખાવાથી એસીડીટીમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

મુઝફ્ફરનગરની જેલનો ડેપ્યુટી જેલર જેલમાં પૂરેલા એક સત્તર વર્ષના છોકરાને મળવા ગયો હતો. જેને આવતી કાલે ફાંસી થવાની હતી. જેલરને એ છોકરો વહાલો હતો એટલે એના માટે પાકી કેરી લઈને મળવા ગયો હતો. છોકરાને પણ જેલર માટે ભાવ હતો. બીજે દિવસે વહેલી સવારે ડેપ્યુટી જેલર છોકરાને બોલાવવા ગયા. તો છોકરો તો જાણે ખુશમાં હતો. જેલરે પુછ્યું, 'કેરી ખાધી કે નહીં ??' છોકરાએ કેરી છાબડીમાં એવી રીતે ગોઠવેલી હતી કે જાણે કેરી એમની એમ જ દેખાય. છોકરો કહ્યું, અરે, સાહેબ, મોતના ડરથી હું એવો ધ્રુજી ગયો કે કેરી મને કડવા લીમડા જેવી લાગે.' જેલરે છાબડી નજીક જઈ જોયું તો કેરી હતી જ નહીં. ગોટલા અને છાલ જ હતા. કેરી તો છોકરો ખાઈ ગયો હતો પણ છાપડીમાં એવી રીતે ગોટલો અને છાલ ગોઠવ્યા કે એમ લાગે કેરી ખવાઈ નથી. આવી મજાકથી જેલર પણ હસી પડ્યા. જેલરે જોયું કે છોકરો જરાય વિચલિત થયો નથી. થોડીવારમાં ફાંસી છે પણ એને જરાયે પરવા નથી. મોતની છેલ્લી ઘડીઓ પણ મજાક કરવાની એની આદત. જિંદગી માણવાની હિંમત દાખવનાર એ છોકરો તે 'ખુદીરામ બોઝ.'

# કટોકટી : લોકશાહીની કસોટી

સમયની સાથે જૂના ઘા રુઝાઈ જતા હોય છે, પરંતુ કયારેક એ જૂની અને વિસરાયેલી પીડા ખોતરવાનું મન પણ થતું હોય છે. ચાર દાયકાથી પણ અગાઉ બનેલી આવી જ પીડાદાયક ઘટના તે ઈંદિરા ગાંધીનના શાસનકાળથી કટોકટી. દર છવ્વીસમી જૂને એ ઘટના હવે તો રડ્યાખડ્યા મિસા વાસીઓને જ યાદ આવતી હોય. ઈંદિરા ગાંધીએ આ મિસાવાસીઓને જેલમાં પૂરી દઈને ખરેખર તો એમના ઊજળા ભવિષ્યના દરવાજા જ ખોલી આપ્યા હતા, એમ કહેવામાં ભાગ્યે જ કોઈ અતિશયોક્તિ લેખાશે. એક સામાન્ય ગણાતો જનસંઘી કે સંસ્થા કોંગ્રેસનો કાર્યકર મિસામાં પકડાયા પછી રાતોરાત સહાનુભૂતિના મોજા પર ચઢી હીરો બની ગયો હતો. પરિણામ એ આવ્યું કે અખબારોએ એમના તંત્રીલેખોની જગ્યા ખાલી રાખી પોતાની સાંકેતિક વિરોધ પ્રદર્શિત કરવાની રસમ અપનાવી. 'સાધના' જેવા કોંગ્રેસ વિરોધી સામયિકોને તાળાં વાગી ગયા અને એમી સાથે સંકાળયેલા તંત્રીમંડળના સભ્યો પૈકી કોઈ 'મિસાવાસી' બન્યા તો નરેન્દ્ર મોદી જેવા કાર્યકરો ભૂગર્ભમાં રહી પ્રજાને લોકશાહીનો સંદેશ પહોંચાડતા રહ્યા. ધુંઆધાર મજૂર નેતા જયોર્જ ફર્નાન્ડિસ અને સુબ્રમણ્યમ્ સ્વામી જેવા નેતાઓને કટોકટીએ જ પહેલી હરોળમાં લાવી મૂક્યા. આખરે તમામ વિપક્ષો વિચારસરણીના મતભેદ કોરાણે મૂકી એક મંચ પર આવ્યા. એમને જયપ્રકાશ નારાયણ જેવા નિઃસ્પૃહ સમાજવાદી રાષ્ટ્રપુરુષનું માર્ગદર્શન સાંપડ્યું. તેઓ સાચા અર્થમાં લોકશાહીની નવી લડતના સરસેનાપતિ બન્યા. ક્યારેક નહેરુની લગોલગ વડાપ્રધાનપદના દાવેદાર તરીકે જેમનું નામ ચર્ચાતું રહેલું એવા જયપ્રકાશ નારાયણ જૈફ વયે દેશના ખૂણે ખૂણે ફરીને એમની પ્રિય ભત્રીજી સમી લાડકી 'ઈન્દુ' વિરુદ્ધ અહાલેક જગાડનારા અવધૂત તરીકે પ્રગટ્યા. ઈંદિરા ગાંધી એ જયપ્રકાશ નારાયણ અને મોરારજી દેસાઈ જેવા વરિષ્ઠ નેતાઓને પણ નજરકેદમાં રાખી પોતાના જ પગ પર કુહાડો માર્યો. આ બધું એવા એક બંગાળી નેતાની સલાહથી બન્યું જે કોંગ્રેસમાં પણ એની કોઈને

**તંત્રીસ્થાનેથી...**

ગંધ સુદ્ધાં ન આવી. રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અહમદે મજબૂરીથી બંધારણને વખત પૂરતું નિરસ્ત કરતા ખરડા પર સહી કરી તે આ દેશના ઈતિહાસની યાદગાર કલંકકથા છે. પુત્ર સંજય ગાંધી અને પશ્ચિમ બંગાળના નેતા સિદ્ધાર્થ શંકર રે ઉપરાંત આ કટોકટીના સમર્થકોમાં વિદ્યાચરણ શુક્લ જેવા હિંદી બેલ્ટના નેતા સામેલ થયા. પરંતુ એથી એક તબક્કે જગજીવનરામ અને બહુગુણા જેવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ પણ કોંગ્રેસની સાથે છેડો ફાડી મહાગઠબંધન સાથે બેસવાનો વિકલ્પ સ્વીકાર્યો. આ સમયગાળા દરમિયાન દેશનું બંધારણ તડકે મુકાઈ ગયું હતું અને સરકાર પાસે અબાધિત અધિકારો આવી ગયા હતા. નાગરિકને મળેલા મૂળભૂત અધિકારો પર આવેલી તરાપનું પરિણામ એ આવ્યું કે જયારે ચૂંટણી આવી ત્યારે ખુદ ઈંદિરા ગાંધી રાજનારાયણ જેવા વિદૂષકવેડા કરનારા સામાન્ય નેતા સામે હારી ગયા. કટોકટી દરમિયાન જેમણે પણ જેલવાસ ભોગવ્યો હતો તે રાતોરાત મહેલમાં આવી ગયા, પરંતુ આ રીતે સહાનુભૂતિના જોરે મેળવેલી સત્તા પૂરાં અઢી વરસ પણ ટકી નહોતી અને પ્રજાએ બમણા ઉમળકા સાથે ઈંદિરા ગાંધીને ફરી પાછાં સત્તાની સોંપણી કરી હતી, એ પણ આપણા લોકતંત્રના ઈતિહાસની સીમાચિહ્નરૂપ ઘટના હતી. ઈંદિરા ગાંધી વિરુદ્ધ ન્યુરેમ્બર્ગપ્રકારનો કેસ ચલાવવાની માગણી કરનારા ચૌધરી ચરણસિંહની અંગત પદલાલસા જ જનતા પાર્ટીના પતનનું નિમિત્ત બની હતી. કટોકટીના પ્રતાપે દેશને મોરારજી દેસાઈ જેવા અણિશુદ્ધ ગાંધીવાદી વડાપ્રધાન જરૂર મળ્યા, પણ એ એમનો કાર્યકાળ પૂરો ન કરી શક્યા. જે જનતા પાર્ટી બહુ ઊંચા આદર્શો અને અપેક્ષાઓ સાથે રચાઈ હતી એ ઈંદિરાજીના શબ્દોમાં ડુંગળીનાં ફાડિયાંની જેમ વીખરાઈ ગઈ. અલબત્ત, કટોકટી એક શાશ્વત સંદેશ જરૂર છોડતી ગઈ : આ દેશમાં કયારેય નાગરિકોના બંધારણીય અધિકારો પણ તરાપ મારવાની કોઈ પણ નેતા કે સરકાર હિંમત નહીં કરી શકે! ઈંદિરાજીએ લાદેલી કટોકટી એ દષ્ટિએ જોતાં ભારતીય લોકશાહીની છૂપી તાકાતની પારાશીશી સાબિત થઈ હતી.

# મહેમાન થાવ બાપ...! તમારી મહેમાન ગતિમાં મારા ગામના લોકો પાછી પાની નહી કરે



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

પ્રિય PM સાહેબ,

પરણામ.

સોંભર્યુ સ ક તમે અમારા ગોમમાં આવવાના સો. બઉં સારું. મહેમાન થાવ બાપ...! તમારી મહેમાન ગતિમાં મારા ગામના લોકો પાછી પાની નહી કરે. તમને ખૂબ પ્રેમથી આવકારશે. તમે હેલિકોપ્ટર માંથી ઉતરો તે જોવા ગામ આખ્ખું અવવાનું સ. કિકિયારીઓ અને તાળીઓના ગડગડાટથી તમારું સ્વાગત કરશે. ગામડાંના ભોળિયા લોકો મનમાં કોઈ પણ જાતના કપટ વગર તમારું સ્વાગત કરવા આતુર છે.દરેક જણ પોતાના ઘર આંગણે રંગોળી કરશે. ઘર આંગણાંની દીવાલ રંગશે. તમારા માટે સ્તો. એક કામ કરજો સાહેબ...! હવે કોઈ કરોડો રૂપિયાની જાહેરાત ન કરતા. કોઈ નવી યોજનાની જાહેરાત ન કરતા અને કરવું હોય તો તમારી મરજી પણ આટલું જરૂર કરજો ભાઈ... સાહેબ...,

અમારા ગામના મગનિયાના છોરાને સ્કોલરશિપ નથી મળી તે અપાવતા જજો. ઝૂંપડામાં રે છે ને તેનો છોરો ભણવામાં બઉ હોંશિયાર છે. ગામની દક્ષિણે રે'તો રાખલો કે'તો તો કે એની બૂનને ગામ બસ નથી આવતી, તે પાંચ-છ ગાઉં ચાલીને ..! તે એટલું કરી આલજો ને ! પાંચમાં ધોરણમાં ભણતી સવલી કે'તી' તી કે માસ્તર તમાકુ ખાય ને મારે છે બઉ.... નિહાર નથી જઉં.!! પેલ્હા ધોરણમા નાગજીના છોરાન એડમીશન ના મલ્યું બોલો.. પણ નગરશેઠના છોરાને મલી ગયુ તે એમ કેમ થયું સાહેબ...?? જરા જોવડાવી લેજો ને ! અને હોં..રામલો કે'તો તો કે રેશનીંગની દૂકાનાવાળો કે'તો તો કે હંધૂય ખલાસ....તે હે સાહેબ... ઘણાય દા'ડા થ્યા આ વાતને ! મંછીની છોડીને એક જોડી કપડાને, બૂટને, દફતર, ચોપડીઓ-નોટો ઓન ઘડી મલ્યા સે. તે બચાડી બઉ ખુશ છે. મંછી કે છે કે છોડીને દાકતર બનવું સે. તે...હેં.. સાહેબ , દાક્તર બની શકશે? આ 'નીટ' એટલે હું ? ઓલા સવલો ખરો કે નઈ, એ ન થોડીક જમીન ખરી સાહેબ . ખેતી કરી ખાય. પણ પેલો બેંકવાળો બહુ વિતાડે હેં..વ્યાજે લોન લીધી છે તે સાહેબ.. સવલાનું દેવું માફ કરી દોં ને...! આ વિજયમાલ્યા કુણ સ? હંધુય હારુ થાહેં... તમ ચંત્યા કરો મા. તમે વિદેશમાં ફરો હોં તે ત્યોં લોકો આપણા જેવા જ કે? મારી ઘરવાડી ફરવાની બવ શોખીન...પણ આપણે તો..! ઘર ભલાને આપણે ભલા...! અને ઉભા રેંજો...એક ખાસ વાત રહી ગઈ.. ચોમાસામાં નાળું ભરાઈ જાય છે તે... બધા છોકરાવ પાણીમાં તરીને નિહાળ જાય છે તે એનું કોઈક કરો ભાઈ સા'બ...! સરપંચ, ટિડીઓ બધા સાહેબો આઈ આઈ ન જોઈ ગ્યા સ... ઓલો સમૂડીનો રંગલો કોલેજ મા ભણેસે તે કે'તો તો ક નોકરીની બધી જાહેરાત '૧૧ માસના કરાર આધારીત' એમ લખીન આવે છે તે એ હું? અમોને કાયમી નોકરી ની મલે સાહેબ?

અને છેલ્લે... મા અમૃતમ અને મા કાર્ડ બઉ સારું છે સાહેબ...પણ મોબાઈલમાં નેટ નઈ હોય તો ચાલશે સાહેબ, ઘરમાં લોટ જોઈશે. મજૂરી કરીએ છીએ પૂરતી મજૂરી મલવી જોઈએ સાહેબ. દર બે ત્રણ દિવસે વસ્તુના ભાવ વધી જાય છે કેમનુ કરવું.? કાંઈ હમજાતુ નથી. મજૂરી વધારતા નથી ને પેલો દૂકાનવાળો બધી વસ્તુના ભાવ વધારી દે છે. બાજરી આપવા જઈએ તો ઓછો ભાવ આલે છે! વેઠ કરી ન થાકી જઈએ તો ય માર્કેટમાં શાકભાજીનો ભાવ મલતો નથી.

સોરી સાહેબ, મેં તો બધુ બઉં કઈ દીધુ..શોરી...શોરી... તમ તમાર... આવો..સાહેબ... , સાચુ કઉં તમે બોલો ઈ અમારા હંધાય ને બઉ ગમે હોં... બધાય તાલીઓ પાડે હોં... રમલી, સવલી, જમનામાસી, કંકુકાકી બધ્ધાય ઘરનું કામ પડતું મેલી તમને સાંભળવા આવશે હોં... તે આવજો... રામ... રામ.

લિ.
સોમલો ગામડીઓ

***મિસરી***

**'ગામ સમુ સુતરું થૈ ગ્યું સાહેબ**
**દર મહિને આવવાનું રાખો....'**

# અપ્રિયસ્ય ચ સત્યસ્ય શ્રોતા ચ વક્તા સુદુર્લભઃ



**વિચારયાત્રા**
ડૉ. જય ઓઝા

જીવનમાં સૌથી સહેલું છે, સત્ય બોલવું ! અને સહેલાં કામો કરવા કઠીન છે અને સત્ય, સાચું, ખરું કહેવાની અને સાંભળવાની તાકાત હોવી જરૂરી છે. તમે સત્ય બોલવાના અભરખા રાખવા હોવ, પરંતુ સાથે સાથે તે સત્ય ગ્રાહ્ય કરાવવાની આવડત જરૂરી છે.

સત્ય ત્રણ પ્રકારના હોય છે. મારું સત્ય, તમારું સત્ય અને વાસ્તવિક સત્ય. સૌને પોત-પોતાનું સત્ય હોય છે, કોકની માટેનો પ્રકાશ બીજાને માટે અંધકાર હોય એવું બની શકે છે. એટલે કે એક વ્યક્તિ માટેનું સત્ય એ બીજી વ્યક્તિને અસત્ય લાગી શકે છે. એક વ્યક્તિ માટેનું સત્ય એ બીજી વ્યક્તિને અસત્ય લાગી શકે છે. એક વ્યક્તિ માટેનું સત્ય એ બીજી વ્યક્તિને અસત્ય લાગી શકે છે. સત્ય -અસત્ય, માળું અઘરું છે. આ બધું નક્કી કરવું. પણ આજે વાત કરવી છે. પ્રિય સત્યની અને અપ્રિય સત્યની અથવા તો એમ કહી શકાય કે સત્ય કહેવાના આપણા રવૈયાની વાત કરવી છે.

મહાભારતનો એક પ્રસંગ છે. સંજય હસ્તિનાપુરમાં બેઠાં - બેઠાં ધૃતરાષ્ટ્રને કુરુક્ષેત્રમાં થયેલી કૌરવોની અવદશાની વાત કરે છે. સંજય ધૃતરાષ્ટ્રને કહે છે.

આશા બલવતી રાજન્ શલ્યો જેષ્યતિ પાણ્ડવા।
હતે ભીષ્મે હતે દ્રોણે કર્ણ ચ વિનિપાત્તિતે ॥

હે રાજન, આશા બળવાન છે, શલ્ય જ પાંડવોને જીતી લેશે. જો કે મહાબલી ભીષ્મ મૃત્યુ પામ્યા છે, ગુરુ દ્રોણાચાર્ય પણ નથી રહ્યા અને કર્ણનું પણ પતન થયું છે.

એકદમ પોલિટીકલ જવાબ છે ને સંજયનો. તેણે રાજાને સત્યથી વાકેફ પણ કરી દીધા અને ધૃતરાષ્ટ્રને એક ઝાટકો લાગવાથી બચાવી લીધા આને 'કોથળામાં પાનશેરી મારી' કહેવાય આ કહેવત જુદા - જુદા સંદર્ભે જુદી જુદી રીતે ઉપયોગીમાં લેવાય છે, પણ અહીં મૂકવાનું મન થઈ ગયું.

સત્ય સત્ય છે, સત્ય જ ઈશ્વર છે, પણ કોરું સત્ય બહુ કડવું હોય છે, આથી તેના પર મીઠાશનો વરખ હોવો જરૂરી છે આ વાતને તો આપણા વેદ પણ સમર્થન આપે છે.

''સત્યં બ્રૂયાત્, પ્રિયં બ્રૂયાત્ ન બ્રૂયાત્ સત્યમપ્રિયમ્''

સત્ય બોલો પણ પ્રિય બોલો, સત્ય હોય પણ અપ્રિય હોય તો ન બોલો.

સુગર-કોટેડ હોમિયોપેથી દવા લોકપ્રિય છે, સુદર્શનનો કડવો ઉકાળો પીવામાં મજા નથી આવતી. કેમ ભાઈ! બંને દવા છે. એક જ કામ કરે છે તો પછી આવું કેમ! કારણ તમને અને મને ખબર છે.

''અપ્રિયસ્ય ચ સત્યસ્ય શ્રોતા ચ વક્તા સુદુર્લભઃ''

અપ્રિય એવા સત્યના શ્રોતા અને વક્તા દુર્લભ હોય છે.

કિરાતાર્જુનીયમમાં ભારવિ જણાવે છે,

'હિતં મનોહારિ ચ વચનં દુર્લભઃ।'

હિતકારક અને મનને ગમે તેવા વચન દુર્લભ હોય છે.

એટલે કે આવા સત્યવક્તા જો સ્પષ્ટ વક્તા બને તો અપ્રિય બન છે, પણ મોટે-ભાગે સાચું બોલનાર જ ઓછા મળે છે કારણ સાચું બોલવા માટે સાચું સાંભળવાની પણ હિંમત જોવે.

એક પ્રસંગ છે, એક વ્યક્તિ ચાલતા-ચાલતા જઈ રહ્યો હતો, તેટલામાં એના ખભેથી ગમાછો પડી ગયો, તેનું ધ્યાન નહોતું, તે ત્યાંથી બેધ્યાનપણે ચાલ્યો ગયો, બીજા વ્યક્તિનું ધ્યાન પડ્યું, તેને બૂમ મારી, 'અરે ઓય પીધેલો છે કે ગમાછો પડી ગયા તો પણ નવાબ સાહેબને ખબર નથી, ચાલતો જ રહે છે, ઊંટની જેમ ડૉક ઊંચી કરીને !'

તે વ્યક્તિ બૂમ સાંભળીને પાછો આવ્યો, ગમાછો લીધો અને ચાલવા લાગ્યો, પેલાનો આભાર ન વ્યક્ત કર્યો. કારણ કે તેના મનમાં ગમાછો પાછો મળવાની તે વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતા ન હતી પણ 'પીધેલો', 'નવાબ સાહેબ', 'ઊંટ ' વગેરે શબ્દોથી તેનું મન ભરેલું હતું.

છોકરો ભણતો નથી, મમ્મીએ તેને પાસે બોલાવ્યો અને ઝાપટ મારી દીધી.

થોડીવારમાં પાડોશીઓ કહ્યું, 'અરે ભણતો નથી? શું ભીખ માગીને ખાઈશ?'

બસ ખલાસ, આ જ સમયે મમ્મી ગુસ્સાથી પાડોશી સામે જુએ છે અને છોકરાને ખોળામાં લઈને પંપાળવા લાગે છે અને પાડોશીને કહે છે - 'મારો દીકરો ભીખ માગે કે રાજ કરે તારે શું? તારા દરવાજે ભીખ માગવા આવે ત્યારે કહેજે.'

મમ્મી અચાનક બદલાઈ કેમ ગઈ? પાડોશીએ ખોટી વાત તો કીધી નહોતી ! છોકરાના હિતની જ વાત હતી, પણ કહેવાની રીત તોછડી હતી.

આથી કહેવાય છે કે અપ્રિય સત્યના શ્રોતા દુર્લભ હોય છે કારણ કે સત્યની અપ્રિયતા તેના મનની એ વૃત્તિને કુંઠિત કરી દે છે જે સત્યને ગ્રહણ કરવા માગતી હોય છે. આથી જ સત્ય કહો પણ એવી રીતે કહો કે તે ગ્રાહ્ય બને, પચાવી શકાય. આ માટે સત્યને પ્રિયરૂપમાં મધુર બનાવીને કહો.

ત્રણ વ્યક્તિ છે. ત્રણેયને ખાવાનો શોખ. પહેલી વ્યક્તિ - એમની પુત્રવધુ રસોઈ બનાવે, કયારેક એવું બને કે પુત્રવધુનું જમણ તેમને પસંદ ન આવે. જે દિવસે આમ થાય ત્યારે તેઓ પુત્રવધુની સામે તેની ખૂબ પ્રશંસા કરે અને મિઠાઈ ખાવા માટે તેને પૈસા આપે, અને તેના ભોજનની નિંદા કર્યા વગર કહે કે, 'બેટા, મીઠું-મરચું-મસાલા જ દાળ, શાકનો આત્મા નથી ધીમી આંચ પર સરખો વઘાર અને ખવડાવનાર માટેનો શુદ્ધ પ્રેમ આગને બાગમાં ફેરવી નાખે છે.'

બીજો વ્યક્તિ - તેમના ઘરે શાક-દાળમાં એકવાર મીઠું વધારે પડી ગયું. તેઓ ચૂપ રહ્યા, બીજીવાર આવું બન્યું તેઓ ચૂપ રહ્યા અને ત્રીજી વાર દાળમાં મીઠું વધારે પડ્યું ત્યારે તેમણે ખૂબ જ પ્રેમથી વહુને કહ્યું, 'અરે બેન, તે શાક-દાળમાં મીઠું જ નથી નાખ્યું, મેં તો ખાઈ લીધું, પણ બીજા માટે તો નાંખી દો.' વહુએ ફરીવાર મીઠું નાખ્યું અને પછી દાળ-શાક ખારા-ખારા ધૂધવા જેવા થઈ ગયા.

ત્રીજો વ્યક્તિ - કાંઈ ન કરે, ખાવા - પીવાનું એનું કામ. એકવાર જમવા બેઠા, તો શાકમાં મીઠું ઓછું અને દાળમાં વધારે. આખી થાળીને હડસેલો મારીને શાક-દાળ બધાને ડાઈનીંગ ટેબલ પરથી જમીન પર તડીપાર કરી દીધા. આ ત્રણેય વ્યક્તિઓ અને તેની પોતાની વાત કહેવાની રીત. પહેલા વ્યક્તિને નંબર એક, બીજાને નંબર બીજો અને ત્રીજો વ્યક્તિને નંબર ત્રીજો આપીશું.

આ પ્રસંગે મેં કોઈ પ્રવચનમાં સાંભળ્યો હતો કે કોઈ પુસ્તકમાં વાંચ્યો હતો તે યાદ નથી પણ સત્ય કહેવાની અલગ-અલગ રીતમાં વ્યક્તિ-વ્યક્તિએ ભિન્નતા હોય છે સમજવા માટે ફીટ બેસે તેમ છે.

આથી એ કહેવાય છે, સત્ય કહો, પણ મીઠા બનીને, જૂઠું ન બોલો પણ, કડવાશથી દૂર રહો. કોઈને સત્ય કહી દેવાની ઘેલછામાં તમારી વાણી, તમારું મન અને તમારી ઢબમાં કડવાશ તો નથી ને!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સત્યના માર્ગે જ શૌર્ય - સાહસના દીવડા પ્રગટે છે



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'મારી તો કિશોરાવસ્થા હતી, તે દિવસે સવારે ઘરમાં ને પડોશમાં બધા વાતો કરતા હતા કે કટોકટી જાહેર થઈ.'

'અમારી વિદ્યાર્થી અવસ્થાના એ દિવસો અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટેનો અમારો છુપો સંઘર્ષ અમારા માટે અમૂલ્ય સંભારણા છે!'

'મારે તો મારી દીકરીના બધાયે ફ્રેન્ડ્સને હવે આવનારી 'ઈન્દુ સરકાર' ફિલ્મ બતાવવી છે.'

આવા કેટલાય સંવાદો બપોરના ભોજન સમયે એકઠા થયેલા પૈકીના મુખેથી થતા સંભળાતા હતા.

અવસર હતો, આજતી ૪૨ વર્ષ પહેલા સ્વતંત્ર ભારતમાં ઘટેલી એક ઘટના, નામે 'ઈમર્જન્સી' સમયના બનાવો આધારિત પુસ્તક વિમોચન અને 'મીસા' કાયદા હેઠળ જેલવાસ ભોગવનારાઓના સન્માનનો. 'ઈમરજન્સી' એટલે કે કટોકટીનો કાળ રાજકીય વિશ્લેષકો, અભ્યાસુઓ માટે શોધ-સંશોધન અને અર્થઘટનનો રસપ્રદ વિષય રહ્યો છે.

ભારતની સ્માર્ટફોન સાથે જીવતી આજની યુવા પેઢીને એ કલ્પના પણ નહિ હોય કે વ્હોટ્સએપ - ફેસબુક- ટ્વિટર કે ઈન્સ્ટાગ્રામ પર કાંઈક મુક્તા પહેલા એ સરકારને બતાવવું પડે - એ સેન્સર થાય ને પછી પ્રસિદ્ધ થાય તો થાય એવી સેન્સરશીપના દિવસો હતા, કારણ કે પ્રસાર માધ્યમો પર સેન્સરશીપ લાદવામાં આવી હતી.

૧૯૭૪ના વર્ષમાં ગુજરાતમાંથી વિદ્યાર્થી આંદોલનનો થયા. તત્કાલીન રાજય સરકાર સામે વિરોધ પક્ષો એક થયા... પરિણામ મળ્યું. એ પ્રવાહ છેક બિહાર સુધી પહોંચ્યો ને લોકનાયક જયપ્રકાશ નારાયણે આગેવાની લીધી. બીજી તરફ ન્યાયતંત્રએ જે તે સમયના પ્રધાનમંત્રી વિરુદ્ધ ચુકાદા આપ્યા અને એ મુશ્કેલીમાં મુકાયા...

પીડિત પ્રજાનો આક્રોશ વધ્યો... ૨૫ જૂન ૧૯૭૫ના દિવસે દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલી થઈ, લોકનાયક જયપ્રકાશ નારાયણ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીને લલકાર કરીને કહ્યું, 'સિંહાસન ખાલી કરો' અને રાતોરાત બંધારણની કલમ ગેરઉપયોગ કરીને દેશમાં આપાતકાળ એટલે કે કટોકટી જાહેર કરી દેવામાં આવી. અખબારોના વીજળી કનેકશનો કાપી નંખાયા. લોકપ્રતિનિધિઓને અને રાજકીય પક્ષના કાર્યકરોને આંતરિક સુરક્ષા ધારા (મીસા) હેઠળ જેલમાં મોકલી દેવાયા આર.એસ.એસના સહ-સર કાર્યવાહ શ્રી દત્તાત્રેય હોસબલેએ કહયું કે અમે બેંગ્લોરમાં હતા. સવારે સમાચાર મળ્યા, એ દિવસે વાજપાઈજી અને અડવાણીજી બેંગ્લોરમાં હતા. અમે સમાચાર આપ્યા કે ઈમરજન્સી લાગુ થઈ છે તો બાજપાઈએ કહ્યું કે તબ તો હમે મામા કે ઘર (જેલમાં) જાના પડેગા.... ને અમારી નજર સામે જ એમની ધરપકડ થઈ.

સ્વતંત્ર ભારતનાં ઈતિહાસમાં એ સૌથી વધુ વિવાદાસ્પદ અને અલોકતાંત્રિક કામ હતો. નાગિરકોની અશ્મિ વ્યકિતની આઝાદી છીનવાઈ ગઈ હતી.

૨૧ મહિના આ સ્થિતિ રહી અને ચુંટણી જાહેર થઈ. શાસકોને પ્રજાએ હરાવ્યા. લોકશાહી ઉપર લાગેલી ગ્રહણીની કાલી છાયામાંથી દેશ મુકત થયો.

આ સમગ્ર ઘટનાનું સ્મરણ કરી તાજેતરમાં 'મેઘનિર્ઘોષ' મીડીયા દ્વારા અમદાવાદમાં એક કાર્યકમનું આયોજન કરાયું જેમા પ્રસાર ભારતીના ચેરમેન અને વિરષ્ઠ પત્રકાર ડૉ. એ.સુર્યપ્રકાશ લિખિત પુસ્તકના વિમોચન ઉપરાંત 'મીસા' હેઠળ જેલવાસ ભગવનારાઓનું સન્માન પણ થયું.

વકતાઓએ આયોજકોને અભિનંદન આપીને આ દિશામાં દસ્તાવેજીકરણ થાય એને આવશ્યક ગણાયું વર્ષો બાદ એકબીજાને મળેલા 'મીસા' વાસીઓના ચહેરા ઉપર રાષ્ટ્રપ્રેમનું નુર ઝલકતું હતું.



'રાષ્ટ્ર સર્વોપરી' ના ઉદેશ સાથે કાર્યનો આરંભ કરી રહેલ મેઘનિર્ઘોષ મીડીયાએ એક અર્થમાં કટોકટી કાળનાએ ઈતિહાસને પ્રજા સુધી નવી પેઢી સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું. આપણે ઈતિહાસ વાંચીએ છીએ. પરંતુ એનું નિર્માણ જયારે થયું એ પળોનો સંઘર્ષ વિશેષ ઘટના હોય છે. એના સાક્ષી જ નહિં બલ્કે હિસ્સો બનેલા લોકો જયારે એની સંવેદના શ્રોતાઓ સુધી પહોંચાડી ત્યારે એ વધુ ધારદાર-અસરદાર બનતી હોય છે.

કટોકટી કાળમાં સ્વયંભુ રીતે પ્રજાકીય સત્યાગ્રહ થયો,ભૂગર્ભ ચળવળો ચાલી, અન્યાય સામે સહુ એક જુટ થયા, સમય આવ્યે લોકશાહી પ્રકિયાથી ઉકેલ પણ આપ્યો. એ બધા જ પરિમાણો પ્રજામાં રહેલી કોઠાસૂઝના દર્શન કરાવે છે.

કોઈપણ સમયે સત્યનો આધાર લઈને સત્યનાં માર્ગે ચાલવા જયારે વ્યકિત કે સમૂહ આગે કદમ થાય છે ત્યારે આપોઆપ એની બાજુ શૌર્યના સાહસના ને સ્વતંત્રતાના દીવડા પ્રગટે છે ને એના અજવાળા રેલાય છે.

●●●

અર્જુન કે ઈરાદે હીલ સકતે હે ઘાયલ દ્રૌપદી કે નહિ.

- ફિલ્મ 'ઈન્દુ સરકાર'ના ટ્રેલરનો એક ડાયલોગ.